જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૮/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૯૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૯ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી, ૨૮ લીટર દેશી દારૂ, ૧૬૦ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૯૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૩૮ બિયર ટીન, ૦૧ કાર અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૭ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૩૦,૩૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૧૯૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૧૯૬/૨૦૨૬**

સેટેલાઈટઃ સેટેલાઈટ નહેરૂનગર ગોપાલ પેલેસમાં ઓફીસ નં–બી/૧૧૦/૧૧૧ માં આદિશ્વર ઈંફ્રાસ્ટ્રકચર પ્રાઈવેટ લીમીટેડ કંપની ખાતે કન્ટ્રક્શનનો ધંધો કરતા અંકીતભાઈ રાજેશભાઈ શાહ (ઉ.વ.૩૯) (રહે. રિવેરા–૦૧ કોર્પોરેટર રોડ પ્રહલાદનગર આનંદનગર) એ તા.૨૭/૦૮/૨૦૨૬ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સેટેલાઈટ નહેરૂનગર ગોપાલ પેલેસમાં ઓફીસમાં આદિશ્વર ઈંફ્રાસ્ટ્રકચર પ્રાઈવેટ લીમીટેડ કંપની ખાતે કંપનીના પ્રતિનીધી (૧) ભાવીકભાઈ શાહ (રહે. ડ્રાઈન પેલેસ એપાર્ટમેન્ટ થલતેજ) (૨) મનોજભાઈ શાહ (રહે. પુજન એપાર્ટમેન્ટ જીવરાજ મહેતા હોસ્પીટલ પાસે વાસણા) અને (૩) ખુશ્બુબહેન ભાવીકભાઈ શાહ (રહે. ડ્રાઈન પેલેસ એપાર્ટમેન્ટ થલતેજ) એ ભેગા મળી માહે જાન્યુઆરી/૨૦૨૬ થી તા.૨૭/૦૮/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન આદિશ્વર ઈંફ્રાસ્ટ્રકચર પ્રાઈવેટ લીમીટેડ કંપનીના નામના વાઉચર બનાવી કુલ રૂપિયા ૧,૪૫,૫૫,૮૧૮/– ઉચાપત કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.જે.ચૌધરી ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ પ્રિયાંક સ/ઓ નિલેશભાઈ રાણપુરા (ઉ.વ.૩૩) (રહે. કૃષ્ણનગર સોસાયટી ઈન્ડીયા કોલોની રોડ બાપુનગર) એ તા.૨૭/૦૮/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૭/૨૦૨૬ થી તા.૨૧/૦૮/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન મોબાઈલ નંબર +૯૧ ૯૨૩૬૨૩૦૪૯૧, +૯૧ ૯૧૭૭૫૩૨૬૦૬, +૯૧ ૭૦૯૩૨૧૭૨૧૦, +૯૧ ૭૦૯૩૨૧૭૨૧૦, તથા +૧૨૦૨૪૬૯૯૨૦૬, +૧૨૦૨૫૦૦૬૧૬૫, +૯૧ ૭૦૯૩૨૧૭૨૧૦ +૪૪ ૭૭૬૬૨૨૧૨૧૫ પોટ્સ એપ નંબરના ધારકોએ પોતાની એપ્લિકેશનમા ઈન્વેસ્ટમેન્ટ કરવાથી સ્ટોકની લે વેચની સલાહ આપી મોટું પ્રોફીટ કમાવી આપવાની લોભામણી લાલચ આપી શરૂઆતમા નાની રકમ પરત આપી વિશ્વાસ અને ભરોસો કેળવ્યા બાદ અલગ–અલગ બહાના હેઠળ અન્ય બેંક ખાતામાં ઓનલાઇન ઇન્ટરનેટના માધ્યમથી ટ્રાન્જેક્શન દ્વારા કુલ રૂપિયા ૨૭,૫૬,૦૦૦/– મેળવી લઈ નફાની રકમ કે રોકાણ કરેલ નાણાં પરત નહીં આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એન.આર.ગામીત ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૧૯૭/૨૦૨૬**

ગુજરાત યુનિવર્સિટીઃ દલીપ અશ્વિનીકુમાર થીરાની (ઉ.વ.૭૫) (રહે. સિમા કો.ઓ.હા.સોસાયટી ફાયર સ્ટેશનની ગલીમાં નવરંગપુરા) એ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૮/૨૦૨૬ કલાક ૦૦/૩૦ થી સવારના ૦૭/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની લોખંડની ગ્રિલ તોડી અજાણી વ્યક્તિ ઘારમાં પ્રવેશ કરી ડાયમંડથી જડેલી સોનાની વિંટી નંગ–૧, કેરટીયર કંપનીની સોનાની બંગડી નંગ–૧, હિરાથી જડેલુ સોનાનુ બ્રેશલેટ અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૬,૯૦,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.વી.મનાત ચલાવે છે.

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયોઃ– **સમાચાર યાદી નં.૧૧૯૮/૨૦૨૬**

કૃષ્ણનગરઃ પ્રશાંતભાઇ રજનીકાંત વ્યાસ (ઉ.વ.૪૨) (રહે. પાંચ તલાવડા સોસાયટી ભાર્ગવ રોડ કુબેરનગર) તા.૨૬/૦૮/૨૦૨૬ રાતના ૧૧/૪૫ વાગ્યાના સુમારે જ્યુપીટર સ્કુટર ચલાવી સૈજપુર ટાવર ઠાકોરવાસ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે નંબર પ્લેટ વગરની પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ પ્રશાંતભાઈ વ્યાસના ગળામાંથી સોનાની ચેઈન ખેચતા, પ્રશાંતભાઈએ સોનાની ચેઈન પકડી લેતા અડધી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/– ખેચી તોડી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ પ્રશાંતભાઇ વ્યાસ એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.ચૌહાણ ચલાવે છે.

વાહન ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૧૯૯/૨૦૨૬**

પાલડીઃ કિર્તીકુમાર બિપીનચંદ્ર પટેલ (ઉ.વ.૬૪) (રહે. રંગવિહાર સોસાયટી મોર્ડન ફ્લેટની બાજુમાં પી.ટી.કોલેજ રોડ એન.આઈ.ડી. પાસે પાલડી) એ તા.૨૭/૦૮/૨૦૨૬ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે પોતાના રહેણાંક નજીક પાર્ક કરેલ બ્રેઝા કાર નંબર જીજે ૦૧ આરએસ ૨૭૬૩ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/– તા.૨૨/૦૮/૨૦૨૬ રાતના ૧૦/૦૦ થી તા.૨૩/૦૮/૨૦૨૬ કલાક ૦૮/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી મહેશભાઇ ભુરાભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૨૦૦/૨૦૨૬**

નિકોલઃ કિરીટભાઇ રમણભાઇ ચૌહાણ (ઉ.વ.૪૮) (રહે. રતન પાર્ક વિભાગ–૨ ૮૦ ફુટ રોડ પતંજલી સોસાયટી પાસે ઉત્તમનગર નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૮/૨૦૨૬ સાંજના કલાક ૧૯/૩૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.જે.શેખવા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી